# એકમ-12 ભારતમાં સામાજિક સુરક્ષા

-: રૂપરેખા :-


12.1 પ્રસ્તાવના

12.2 સામાજિક સુરક્ષા અને સલામતીનો અર્થ

12.3 સામાજિક સલામતીના ઘટકો

12.4 સામાજિક સુરક્ષાના મૂળભૂત હેતુઓ

12.5 ભારતમાં સામાજિક સુરક્ષાની જરૂરિયાત

12.6 સામાજિક સલામતીની મુખ્ય યોજનાઓ

12.7 સામાજિક સલામતીની અસરો

- સમીક્ષા
- ટૂંકાક્ષરો
- સંદર્ભ વાચન


## 12.1 પ્રસ્તાવના

માનવજીવનમાં ગમે ત્યારે ગમે તેવી મુશ્કેલીઓ આવી શકે. સામાન્ય સંજોગોમાં લોકો પરિશ્રમ કરીને આર્થિક ઉપાર્જન વડે પોતાનું અને કુટુંબના સભ્યોનું જીવન નિર્વાહ કરે છે. વ્યક્તિને કોઈ બીમારી આવે અને તે કામ કરવા માટે અશક્ત બને અથવા તેની રોજગારી જુદા જુદા કારણોસર બંધ થાય. કેટલાક સમય માટે રોજગારીની તક ન મળે અથવા વ્યક્તિ નિવૃત્ત થાય કે વયને કારણે કમાવવા માટે અશક્ત બને ત્યારે કુટુંબની આવકો ઘટી જાય. ત્યારે કુટુંબના જીવન નિર્વાહની સમસ્યા ઉદ્ભવે છે અને કુટુંબનું જીવનધોરણ અત્યંત નીચું જાય છે. રોજી કમાવનાર વ્યક્તિ જો અકસ્માતનો ભોગ બને અથવા તો મૃત્યુ પામે તેવા સંજોગોમાં કુટુંબના જીવનનિર્વાહની સમસ્યા ઉદ્ભવે છે. આવા સંજોગોમાં આ લોકોએ ખૂબ જ લાચારીભર્યું જીવન જીવવું પડે છે. આવા લોકોએ જૂની બચતોને આધારે, પડોશીઓ અને સંબંધીઓને આધારે, સગાંઓને આધારે કે ખેરાત કરતી સંસ્થાઓને આધારે જીવનનિર્વાહ કરવો પડે છે.

વિકાસશીલ દેશોમાં કે જ્યાં સંયુક્ત કુટુંબની પ્રથા હજી પણ ચાલે છે ત્યાં અન્ય સભ્યોને સહારે જીવન નિર્વાહ ચાલી જાય છે.આ અર્થમાં સંયુક્ત કુટુંબ પ્રથા એ સામાજિક સલામતીની શ્રેષ્ઠ પારંપારિક સંસ્થા છે.

ઔદ્યોગિક ક્રાંતિ પછી યુરોપમાં પોલીસ સ્ટેટ એટલે કે પોલીસ રાજ્યનો ખ્યાલ અસ્તિત્વમાં હતો. વર્તમાન સમયમાં તેને સ્થાને Welfare State (કલ્યાણલક્ષી રાજ્ય) એટલે કે કલ્યાણલક્ષી રાજ્યની વિભાવનાનો વિકાસ થયો. ઔદ્યોગિક ક્રાંતિ પછી કારખાના પદ્ધતિને પરિણામે કામદારો સમૂહમાં વસવા લાગ્યા. કામના સમય દરમ્યાન થતાં અકસ્માતો સામે તેમને આર્થિક વળતર મળે તેવી વ્યવસ્થા માલિકોએ શરૂ કરી. વળી સરકારે પણ શ્રમિકોને પ્રતિકૂળ સંજોગોમાં આર્થિક વળતર મળે તેવી નીતિઓ અમલમાં મૂકી. સામાજિક સુરક્ષાનો પ્રારંભ ઈંગ્લેન્ડમાં થયો. બધા પશ્ચિમી દેશોમાં એનો વિસ્તાર થયો અને વિકસતા દેશોમાં સામાજિક સલામતીની યોજનાઓ ૨૦મી સદીના મધ્યભાગ પછી શરૂઆત થઈ. વિકસિત દેશોમાં સરકારી કર્મચારીઓ, સંસ્થાઓ તથા ખાનગી આર્થિક એકમોના

કર્મચારીઓને અને સામાન્ય લોકોને પણ વિવિધ સામાજિક સલામતીની યોજનાઓનો લાભ આપવામાં આવે છે. જ્યારે વિકાસશીલ દેશોમાં મુખ્યત્વે સરકારી કર્મચારીઓ, સંગઠિતક્ષેત્રે કામ કરતી સંસ્થાઓ અને કંપનીઓના કર્મચારીઓને જ આ યોજનાના લાભ મળે છે. વિકાસશીલ દેશમાં માંડ ૨૦થી ૨૫ ટકા લોકો જ સરકારી અને સંગઠિત ક્ષેત્રે કામ કરતા હોવાથી તેમને સામાજિક સલામતીની સુરક્ષા પ્રાપ્ત થાય છે. જ્યારે ૭૫થી ૮૦ ટકા જેટલાં લોકોને કોઈ સામાજિક સુરક્ષાના લાભ મળતા નથી.

## 12.2 સામાજિક સુરક્ષા અને સલામતીનો અર્થ

સામાજિક સલામતી એ વાસ્તવમાં આર્થિક સલામતીની યોજના છે. પરંતુ પ્રતિકૂળ આર્થિક સંજોગોમાં લોકો સ્વમાનભેર જીવન નિર્વાહ કરી શકે તેવી યોજનાને સામાજિક સલામતીની યોજના કે વ્યવસ્થા કહેવાય છે. કુટુંબમાં મુખ્ય કમાનાર વ્યક્તિ જ્યારે કામ કરવા માટે અશક્ત બને, તેવા સંજોગોમાં જુદા જુદા પ્રકારની સ્કીમો વડે તેને આર્થિક વળતર સરકાર, સંસ્થા કે કંપની દ્વારા આપવામાં આવે છે જેથી તે અને તેનું કુટુંબ સ્વમાન ભેર જીવનનિર્વાહ ચલાવી શકે. આવા પ્રતિકૂળ સંજોગોમાં મળતી આર્થિક સહાયને સામાજિક સલામતીની યોજના કહેવામાં આવે છે.

ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન (ILO) અનુસાર સામાજિક સુરક્ષા એ વંચિતતાને રોકવા માટે રચાયેલ એક વ્યાપક અભિગમ છે. જે વ્યક્તિને પોતાના અને તેના આશ્રિતો માટે મૂળભૂત લઘુતમ આવકની ખાતરી આપે છે અને વ્યક્તિને કોઈપણ અનિશ્ચિતતાઓથી સુરક્ષિત કરે છે.

ભારતમાં સામાજિક સુરક્ષાનો વ્યાપક અર્થ કહીએ તો કેન્દ્ર અને રાજ્ય સરકાર જીવનની તમામ આકસ્મિક પરિસ્થિતિઓને આવરી લેવા અને તેના તમામ નાગરિકો માટે ભૌતિક કલ્યાણના લઘુતમ ધોરણને સુનિશ્ચિત કરવા માટે પોતે જવાબદાર બનશે.

ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં યુનાઈટેડ સ્ટેટ્સ સોશિયલ સિક્યુરીટી એક્ટ ૧૯૩૫ અસ્તિત્વમાં આવ્યો ત્યારે સૌ પ્રથમ વખત સામાજિક સુરક્ષા શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ આ શબ્દ વિશ્વના અન્ય પશ્ચિમી દેશોમાં લોકપ્રિય બન્યો.

યુ.એસ.એ.માં આ શબ્દનો ઉપયોગ વૃદ્ધાવસ્થામાં બચી ગયેલાં, અને આરોગ્ય વીમા યોજનાઓને દર્શાવવા માટે થાય છે. જે ફેડરલ સરકારના નિયંત્રણ હેઠળ કાર્ય કરે છે. ઈંગ્લેન્ડમાં સામાજિક સુરક્ષા શબ્દમાં સામાજિક સહાય તેમજ સામાજિક વીમા યોજનાનો સમાવેશ થાય છે. તેમાં રાષ્ટ્રીય વીમા યોજના, ઔદ્યોગિક ઈજા યોજના અને સામાજિક સહાય યોજનાનો સમાવેશ થાય છે. જેના હેઠળ કામદારોને પૂરક લાભો આપવામાં આવે છે.

લેક્સિકોન યુનિવર્સલ એનસાયક્લોપીડિયા અનુસાર સામાજિક સુરક્ષા શબ્દની વ્યાખ્યા "વૃદ્ધાવસ્થા, માંદગી, બેરોજગારી અથવા મૃત્યુ સાથે સંકળાયેલા આવકના નુકસાનથી કામદારો અને તેમના પરિવારોને બચાવવા માટેના જાહેર કાર્યક્રમોનો સમાવેશ થાય છે. કેટલીકવાર આ શબ્દનો ઉપયોગ એવા તમામ લોકો માટે સમર્થનની વ્યાપક પ્રણાલીનો સમાવેશ કરવા માટે પણ થાય છે. જેઓ ગમે તે કારણોસર પોતાની જાતને જાળવી રાખવામાં અસમર્થ હોય છે."

લોર્ડ બેવરીઝના મતે સામાજિક સુરક્ષા "પાંચ દિગ્ગજો પર હુમલો કરે છે. જેમ કે ઈચ્છા, રોગ, અજ્ઞાનતા, અસ્પષ્ટતા અને આળસ." આ ખ્યાલ સામાજિક ન્યાય અને સમાનતા સાથે સંબંધિત છે. ILOએ સામાજિક સુરક્ષાને આ રીતે વ્યાખ્યાયિત કરી છે - "સમાજ જે સુરક્ષા પ્રદાન કરે છે, તે ચોક્કસ જોખમો સામે યોગ્ય સંસ્થા દ્વારા આપવામાં આવે છે જેનાથી તેના સભ્યો ખુલ્લા હોય છે. સામાજિક સુરક્ષા રોગને રોકવા અને ઉપચાર

કરવા માટે રચાયેલ છે. જ્યારે લોકો કમાઈ શકતા નથી અને લાભદાયક રોજગાર પુનઃ સ્થાપિત કરી શકતા નથી ત્યારે તેને સમર્થન આપવા માટે."

નેશનલ કમિશન ઓન લેબર (NCL) દ્વારા સામાજિક સુરક્ષાનો ખ્યાલ માનવ ગૌરવ અને સામાજિક ન્યાયના વિચારો પર આધારિત છે. સામાજિક સુરક્ષા પગલાં પાછળનો મુખ્ય કે મૂળ વિચાર એ છે કે નાગરિકો તેના/તેણીના દેશના કલ્યાણમાં યોગદાન આપ્યું છે અથવા યોગદાન આપવાની સંભાવના છે. તેને અમુક જોખમો સામે રક્ષણ મળવું જોઈએ. સામાજિક સુરક્ષાની વિભાવના આમ માનવીય ગૌરવ અને સામાજિક આર્થિક ન્યાયના આદર્શો પર આધારિત છે. આ વિભાવના અંતર્ગત જીવનના ચોક્કસ જોખમો કે જેનાથી તેઓ કામકાજના જીવનમાં અથવા તેના પરિણામ સ્વરૂપે સંપર્કમાં આવે છે. તેની સામે દેશના સંપૂર્ણ કલ્યાણમાં યોગદાન આપવા માટે તેના નાગરિકોને રક્ષણ આપવાની ઈચ્છા પણ છે.

નેશનલ કમિશન ઓન લેબર (NCL) (૧૯૬૯)એ સામાજિક સુરક્ષાને નીચે પ્રમાણે વ્યાખ્યાયિત કર્યો છે. સામાજિક સુરક્ષાનો ખ્યાલ માનવ ગૌરવ કરી અને સામાજિક ન્યાયના વિચારો પર આધારિત છે. તે દેશના સંપૂર્ણ કલ્યાણમાં યોગદાન આપવા માટે નાગરિકોને સુરક્ષિત કરવાનો પ્રયાસ કરે છે.

કર્મચારીઓને આપવામાં આવતું વેતન, તેમની જરૂરિયાતો જેમ કે તબીબી, બાળકોનું શિક્ષણ, મહિલા કર્મચારીઓની પ્રસૂતિ પૂરી કરવા માટે પૂરતું ન હોઈ શકે. વિવિધ દેશોની સરકારો પાસે નોકરીદાતાઓ આગ્રહ રાખે છે કે સામાજિક દૂષણો સામે તેમને વધુમાં વધુ સુરક્ષા પ્રાપ્ત થાય. સરકારો પણ થાય લોકોને સામાજિક સુરક્ષાના પગલાં પૂરા પાડે છે.

## 12.3 સામાજિક સલામતીના ઘટકો

સામાજિક સલામતીના બે ઘટકો છે.

(i) ખોરાક, કપડાં, આવાસ અને તબીબી સંભાળ અને જરૂરી સામાજિક સેવાઓ સહિત આરોગ્ય અને સુખાકારી માટે પર્યાપ્ત જીવનધોરણનો અધિકાર.

(ii) બેરોજગારી, માંદગી, અપંગતા, વિધવા, વૃદ્ધાવસ્થા અથવા કોઈપણ વ્યક્તિના નિયંત્રણની બહારના સંજોગોમાં આજીવિકાની સુરક્ષાનો અધિકાર.

- અર્મત્યસેન અને જીન ડ્રેઝ સામાજિક સુરક્ષાના બે પાસાંઓને અલગ પાડે છે. (૧) સંરક્ષણ અને (૨) પ્રમોશન.

પ્રથમ પાસું સંરક્ષણ એ જીવનધોરણ અને જીવનની પરિસ્થિતિઓમાં ખરાબ સ્વાસ્થ્ય, અકસ્માતો દ્વારા થતાં ઘટાડા સામે રક્ષણ સૂચવે છે. જ્યારે બીજું પાસું પ્રમોશન એ ઉન્નત જીવન પરિસ્થિતિઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. દરેકને સતત ક્ષમતાઓની વંચિતતાને દૂર કરવામાં મદદ કરે છે.

સામાજિક સુરક્ષા પ્રદાન કરવાના ભારતના રેકર્ડ પર નજીકથી નજર કરીએ તો તે દર્શાવે છે કે જ્યારે નાગરિકોના માત્ર એક અંશને જ કોઈપણ "સંરક્ષણ" મળે છે. ત્યારે આર્થિક વૃદ્ધિની વર્તમાન પેટર્ન સાથે તે વધુ ક્ષીણ થઈ રહ્યા છે. "પ્રમોશન"ને ધ્યાનમાં રાખીને કરેલ જોગવાઈઓમાં, પોષણ દ્વારા સામાજિક સુરક્ષા, બધા માટે કામના અધિકારો, તાજેતરના પુરાવાઓ ઉત્સાહ માટેના કારણો આપે છે. પરંતુ તેમાં સંકોચનની સ્થિતિ ઉપસ્થિત થાય છે.

## 12.4 સામાજિક સુરક્ષાના મૂળભૂત હેતુઓ

1. ભારત એ પોલીસ રાજ્ય નહીં પરંતુ એક કલ્યાણલક્ષી રાજ્ય હોવાને કારણે સમાજના તમામ નાગરિકને આર્થિક સુરક્ષા આપવાની નૈતિક જવાબદારી સ્વીકારી છે.
2. દેશમાં વસતા લોકોના કલ્યાણને શક્ય તેટલી અસરકારક રીતે સામાજિક, આર્થિક અને રાજકીય તમામ ક્ષેત્રે સુરક્ષિત બનાવવા.
3. પ્રજાના સામાજિક સુરક્ષા અને સામાજિક આર્થિક સહાયના લાભોનો મહત્તમ વિસ્તાર કરવો.
4. મહિલાઓને પ્રસૂતિ દરમ્યાન વિવિધ રાહતો અને કામ માટે કલમ ૪૭ ધ્યાનમાં લઈ રાજ્યે મહિલાઓને સુરક્ષા પૂરી પાડવી.
5. લોકોના જીવનધોરણ અને લોકોના પોષણ સંદર્ભે સુધારો કરી આરોગ્ય અને રાજ્યની પ્રાથમિક ફરજો નિભાવવી.
6. અસંગઠિત ક્ષેત્રે કામ કરતાં કામદારોની ઉત્પાદકતામાં સુધારો કરવો. તેમજ તેમની લઘુતમ સ્તરનું રક્ષણ સુનિશ્ચિત કરવું. વળી તેઓને લઘુતમ વેતનદરની વેતન નીતિ નક્કી કરાવવી.
7. પ્રજાને બેરોજગારી, માંદગી, અપંગતા, વિધવા અને અસહાય મહિલાઓ, વૃદ્ધાવસ્થા અથવા કોઈપણ વ્યક્તિના નિયંત્રણની બહારના સંજોગોમાં, આજીવિકાની અન્ય અભાવની સ્થિતિમાં આવક સુરક્ષાનો અધિકાર આપવો.
8. દેશના તમામ નાગરિકને શિક્ષણ, રોજગારી અને સહાય મેળવવાનો અધિકાર સુરક્ષિત કરવાની જોગવાઈ કરવી. તેમજ બેરોજગારી, વૃદ્ધાવસ્થા, માંદગી, અપંગતાનો કલમ 42નો અમલ કરાવવો જરૂરી ગણ્યો.
9. પ્રજાને ખોરાક, કપડાં, રહેઠાણ અને તબીબી સંભાળ અને જરૂરી માળખાકીય સુવિધાઓ (રોડ, રસ્તા, બંધ, પુલ, સ્વચ્છ અને શુદ્ધ પાણી વગેરે) અને સુખાકારી માટે પર્યાપ્ત જીવનધોરણના અધિકારની પ્રાપ્તિ નાગરિકોને સરળતાથી મળે તે અંગે જાગૃત રહેવું.
10. દેશના કોઈપણ નાગરિકને તેના અધિકારથી વંચિત ન રહે અથવા શોષણનો ભોગ ન બને તેની ખાસ તકેદારી રાખવી.

## 12.5 ભારતમાં સામાજિક સુરક્ષાની જરૂરિયાત

1. ભારતમાં અસંગઠિત ક્ષેત્રમાં ૧૦ ટકા કરતાં ઓછા શ્રમિકો છે. જ્યારે અસંગઠિત ક્ષેત્રના કામદારોની સંખ્યા વધુ છે. પરિણામે આ વર્ગ નોકરીની સુરક્ષા, મજૂર અધિકારો અને નિવૃત્તિ પછીની જોગવાઈઓનો લાભ મેળવી શકતા નથી. આવા અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોને નોકરીની સુરક્ષા, મજૂર અધિકારો અને નિવૃત્તિ પછી સુરક્ષા પ્રાપ્ત કરવાની જરૂરિયાત છે. અસંગઠિત ક્ષેત્રના કામદારોનું લઘુતમ સ્તર નિશ્ચિત કરવાની જરૂરિયાત છે.
2. ગતિશીલ અર્થતંત્રમાં કે બજારમાં કામદારો તકનિકી ફેરફારો સાથે ઝડપી ગતિએ નોકરી ગુમાવતા હતા. આ કામદારોને ઉત્પાદક રીતે કાર્યરત રહેવા માટે નવા ટેકનોલોજીકલ - તકનિકી ફેરફારો શીખવતા રહેવાની જરૂર છે.
3. રાષ્ટ્રીય આરોગ્ય એજન્સીની સ્થાપના કરવાની ખૂબ જ જરૂરિયાત છે. આરોગ્ય સુવિધાઓ સુધારવા જરૂરી દવાઓ, પરીક્ષણો, આરોગ્ય સ્ટાફને પરફોર્મન્સ

આધારિત પ્રોત્સાહનો આપવા માટે પ્રધાનમંત્રી (PM) જન આરોગ્ય યોજના હેઠળ જાહેર હૉસ્પિટલોને વધુ સ્વાયત્તતાની જરૂર છે.

4. રાજ્યને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડવું. ડૉક્ટરો અને સુવિધાઓ સરળ અને સુલભ બનાવવી જરૂરી છે.

5. જન ઔષધિ સ્ટોર્સ બિઝનેસના મોડલની સમીક્ષા કરવાની અને વિવિધ પડકારોનો ઉકેલ લાવવાની જરૂર છે. સ્વનિર્ભર એકમો કાર્ય કરી સમગ્ર દેશમાં આવા એકમોમાં ઝડપથી વધારો કરવાની જરૂર છે.

6. ડીજીટલ ટેકનોલોજી, ટેલી મેડિસીન, જૈનરિક દવાઓની ફાર્મસી ચેઈન્સ, તંદુરસ્ત જીવનશૈલીનો પ્રચાર તેમજ પ્રશિક્ષિત નર્સો અને પેરા મેડિકલનો વધુ ઉપયોગ આરોગ્ય સંભાળ અને ઓછા ખર્ચમાં સુધારો કરી શકે છે.

7. કૌશલ્ય વિકાસ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. ગ્રામીણ અને અંતરિયાળ દૂરદરના સ્થળોએ શ્રમિકોને ટેકનોલોજીકલ પરિવર્તનોનું શિક્ષણ અને તાલીમ આપી તેમની કાર્યક્ષમતામાં વધારો કરવાની જરૂર છે.

8. રાષ્ટ્રીય આવકના આરોગ્ય સંભાળ ઉપરના ખર્ચના હિસ્સાને ૨.૫ ટકા સુધી વધારવાનું લક્ષ્ય રાખવાની જરૂર છે.

9. રાષ્ટ્રીય આરોગ્ય નીતિ ૨૦૧૭ દ્વારા આરોગ્ય સંભાળની શરૂઆત થઈ છે. જે એક સારું લક્ષ્ય છે અને તેને વિસ્તારવાની જરૂર છે.

10. ખૂબ જ ખર્ચાળ આરોગ્ય સંભાળ ખાનગી હૉસ્પિટલોમાં હોય છે. કમાવાની વૃત્તિથી ડૉક્ટરો જરૂરિયાત કરતાં વધુ રિપોર્ટ અને દવાઓનું લિસ્ટ બનાવી લોકો પાસે વધુ પૈસા વસુલ કરે છે. તેના ઉપર અંકુશ મૂકવાની જરૂર છે. ખિસ્સા બહારના આરોગ્ય ખર્ચ, અવરોધો પેદા કરે છે. આથી નાના અને સીમાંત ખેડૂતો, ઓછી આવકને કારણે ગરીબીમાં ધકેલાઈ જાય છે. જે કુલ આરોગ્ય પરના ખાનગી ખર્ચના લગભગ ૯૦ ટકા જેટલા છે.

ભારતમાં સામાજિક સુરક્ષાનો અર્થ વ્યાપક રીતે કહીએ કેન્દ્ર અને રાજ્ય સરકાર જીવનની તમામ આકસ્મિક પરિસ્થિતિઓને આવરી લેવા માટે જવાબદાર કે સક્ષમ બનવું.

## 12.6 સામાજિક સલામતીની મુખ્ય યોજનાઓ

### 1. પેન્શન :

કર્મચારી નિવૃત્ત થાય તો તેને નિવૃત્તિ બાદ ચોક્કસ રકમ પ્રતિમાસ મળતી રહે તેને પેન્શન કહેવાય. સરકારી કે સરકાર દ્વારા અનુદાનિત વિભાગો કે સંસ્થાઓમાં પેન્શનની યોજના લાગુ થઈ છે. ભારતમાં ૨૦૦૪ની સાલથી સરકારી કર્મચારીઓ માટે પેન્શન યોજના બંધ કરવામાં આવી છે. પેન્શન આપવાનો સરકારનો મુખ્ય હેતુ કર્મચારીએ તેના જીવનના મહત્ત્વના વર્ષો સુધી ફરજ નિભાવી હોય અને તેના રિટાયર્ડમેન્ટ પછી અન્ય વ્યક્તિના આશ્રિત ન રહે, જેવી રીતે તે નોકરી દરમ્યાન સ્વમાનભેર જીવ્યા હોય તેવી જ રીતે નિવૃત્તિ સમય બાદ સ્વમાનભેર જીવી શકે તે માટે તેમને પેન્શન આપવામાં આવે છે. કર્મચારીને તેની આજીવિકા ચાલુ રહે અને તેમનું જીવનધોરણ પૂરતી પેન્શનરૂપી આવકની પ્રાપ્તિ થાય તે હેતુથી પેન્શન આપવામાં આવે છે.

પેન્શન બે પ્રકારના હોય છે. (૧) કર્મચારીને નિવૃત્તિ બાદ એટલે કે સરકારી કે સરકાર અનુદાનિત વિભાગો કે સંસ્થાઓમાં ઓછામાં ઓછા ૧૦ વર્ષ સુધી ફરજ બજાવી હોય અથવા વધુમાં વધુ ૩૩ વર્ષ સુધી ફરજ બજાવી હોય કે તેની વય નિવૃત્તિ જે નિર્ધારીત

થઈ હોય તે મુજબ કર્મચારીને માસિક પગાર સ્વરૂપે પેન્શન પ્રાપ્ત થાય છે. જેમ કે કેટલાક સરકારી કે અર્ધસરકારી કર્મચારીની નિવૃત્તિ વય ૫૮ વર્ષ, ૬૦ વર્ષ કે ૬૨ વર્ષ સરકાર દ્વારા નિર્ધારીત કરવામાં આવી છે. નિવૃત્તિ વયમર્યાદ માં સરકાર સમય, સંજોગો પ્રમાણે ફેરફાર કરી શકે છે. નિવૃતિના બે પ્રકાર છે. એક ફરજિયાત વય નિવૃત્તિ એટલે કે વ્યક્તિ કામ કરવા માટે સશક્ત હોય. પરંતુ સરકાર દ્વારા નિર્ધારીત થયેલ ઉંમર થાય ત્યારે કર્મચારીને ફરજિયાત નિવૃત થવું પડે છે. જેને વય નિવૃત્તિ કહેવાય. બીજી નિવૃત્તિ મરજીયાત કે સ્વૈચ્છિક નિવૃત્તિ છે. જેમાં કર્મચારી પોતે સશક્ત હોય કે એને અન્ય જગ્યાએ કામગીરી કરવાની ઈચ્છા હોય અથવા કર્મચારી પોતાની ફરજ બરાબર બજાવી શકવા માટે અશક્ત હોય ત્યારે કર્મચારી સેવા મુક્ત થવા માગતો હોય તેને સ્વૈચ્છિક નિવૃતિ કહેવાય છે. આવા સ્વૈચ્છિક ફરજ મુક્ત થનાર કર્મચારીને ઓછામાં ઓછા ૨૦ વર્ષની સળંગ નોકરી કરી હોય તો તે પેન્શન મેળવવા પાત્ર એટલે કે ફુલ પેન્શન મેળવે છે. તેનાથી ઓછી અને લઘુતમ ૧૦ વર્ષની નોકરી કરનાર ક્રમચારીને ઓછું પેન્શન પ્રાપ્ત થાય છે. જો કે નિયમો જુદા જુદા સરકારી એકમોમાં કે સરકારી નોકરીમાં બદલાતા રહેતા હોય છે. (૨) ફેમીલી પેન્શન : પેન્શન મેળવવાનો અધિકાર કર્મચારીને તેના સેવાકાળને ધ્યાને લઈને મળે છે. તેવી જ રીતે કર્મચારીના મૃત્યુ બાદ તેના કુટુંબના સભ્યો નિરાધાર ન બને તે માટે સરકાર કર્મચારીની સેવાને ધ્યાને લઈ કૌટુંબિક પેન્શન પણ આપે છે. જેમ કે કર્મચારીના પતિ કે પત્નીને કર્મચારીના મૃત્યુ બાદ કૌટુંબિક પેન્શન આપે છે. વળી કર્મચારીના પતિ કે પત્નીનું મૃત્યુ થયા બાદ તેના અઢાર વર્ષના બાળકને કૌટુંબિક પેન્શન મળે અને જે અપાહિજ માનસિક રીતે ગાડો કે માનસિક રીતે અસમતોલ હોય કે બિલકુલ કામ કરવા શક્તિમાન ન હોય તેવા અપરિણીત દીકરીને પેન્શનના અમુક રકમ જીંદગીભર મળવા પાત્ર હોય છે. આમ સરકાર કર્મચારી તેમજ તેના કુટુંબની સામાજિક સલામતીને ધ્યાને લઈને કૌટુંબિક પેન્શન પણ આપે છે. કર્મચારીને પેન્શન તેમજ તેના કુટુંબના સભ્યોને નિયમોનુસાર કૌટુંબિક પેન્શનની પ્રાપ્તિને કારણે પ્રજા સરકારી નોકરી કરવાનું પસંદ કરે છે. જ્યાં કર્મચારીનું શોષણ નહીં પરંતુ પોષણનો ખ્યાલ સમાયેલો છે. સિવિલ સર્વન્ટ્સ સિવિલ સર્વિસ પેન્શન સ્કીમની સ્થાપના ૧૯૭૨માં અને જનરલ પ્રોવિડન્ડ ફંડની સ્થાપના ૧૯૮૧માં કરવામાં આવી હતી. ૨૦૦૪ પછી જોડાયેલા કર્મચારી માટે નેશનલ પેન્શન સિસ્ટમ (NSP) યોજના અમલમાં છે. જેનું સંચાલન અને નિયમન પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરીટી (PFRDA) દ્વારા કરવામાં આવે છે.

પેન્શન એક નિર્ધારિત લાભ પ્રણાલી હતી. જેમાં કર્મચારીઓએ આર્થિક યોગદાન આપ્યું હોતું નથી અને પેન્શન સરકાર (રાજ્ય)ના બજેટ દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવતું હતું. કર્મચારીની ઓછામાં ઓછા ૧૦ વર્ષની સેવા કે ફરજ બજાવેલ હોવી જોઈએ. નિવૃત્ત કર્મચારીને છેલ્લાં બેઝીક પગારના ૫૦ ટકા માસિક પેન્શન મળે છે. સરકારી તિજોરીમાં પેન્શનરોનો આર્થિક નાણાકીય બોજ વધુ પડતો હોવાથી વર્ષ ૨૦૦૪ જાન્યુઆરી પછી જોડાયેલાં કર્મચારીઓને NSP (નેશનલ પેન્શન સિસ્ટમ) મુજબ પેન્શન મળવાપાત્ર છે. કર્મચારી તેના કુલ પગારના ૧૦% સિસ્ટમમાં ફાળો આપે છે. જ્યારે એમ્પ્લોયર મેચિંગ રકમનું યોગદાન આપે છે. નિવૃત્તિ સમયે કર્મચારી ૬૦ ટકા રકમ ઉપાડી શકે છે અને ૪૦% રકમનો ઉપયોગ માસિક પેન્શન ચૂકવવા માટે કરવામાં આવશે. સિસ્ટમ કર્મચારીના છેલ્લા પગારના ૫૦ ટકાનું લક્ષ્ય હાંસલ કરવાનો છે. આ સિસ્ટમ તમામ સરકારી કર્મચારીઓ માટે ફરજિયાત છે. પરંતુ અન્ય લોકો માટે સ્વૈચ્છિક કે મરજિયાત છે. જનરલ પ્રોવીડન્ડ ફંડ સ્કીમમાં કર્મચારી તેના કુલ પગારના ઓછામાં ઓછા ૬ ટકા યોગદાન આપવું જરૂરી છે અને ૮ ટકાનું ગેરંટીકૃત વળતર છે. જ્યારે કર્મચારી નિવૃત્ત થાય છે ત્યારે તે એકીકૃત રકમ ઉપાડી શકે છે.

કર્મચારી ભવિષ્ય નિધિ સંસ્થા, સામાજિક સુરક્ષા ૨૦૨૦ પરના કોડ દ્વારા સંચાલિત સામાજિક સુરક્ષા છે. ફરજિયાત ભવિષ્યનિધિ પેન્શન યોજના અને અપંગતા અને જીવન વીમો આ ત્રણ સામાજિક સુરક્ષા યોજનામાં કુલ ૨૫ ટકા યોગદાનમાં ૧૨ ટકા કર્મચારીનો માસિક ફાળો, ૧૨ ટકા કર્મચારીના એમ્પ્લોયર અને ૧ ટકા સરકાર કર્મચારીના પગારનો ફાળો આપે છે. કર્મચારીનું ૧૨ ટકા યોગદાન એમ્પ્લોઈઝ પ્રોવિડન્ડ ફંડ સ્કીમ (EPF)માં જાય છે. જ્યારે એમ્પ્લોયરના ૧૨ ટકા હિસ્સામાંથી ૩.૬૭ ટકા કર્મચારી ભવિષ્ય નિધિમાં જાય છે અને ૮.૩૩ ટકા કર્મચારી પેન્શન સ્કીમ (EPS)માં જાય છે. સરકારના ૧ ટકા યોગદાન સાથે જ્યારે એમ્પ્લોયરનું ૦.૫ ટકા યોગદાન એમ્પ્લોઈઝ ડિપોઝીટ-લિંક્ડ ઈન્સ્યોરસન્સ (SDLI)માં જાય છે. એકવાર કર્મચારી વૈધાનિક નિવૃત્તિની ઉંમરે પહોંચે તે પછી કર્મચારી ભવિષ્ય નિધિમાં જમા કરાયેલી રકમ અને સંચિત વ્યાજ સાથે ઉપાડી લે છે. કામ દરમ્યાન મૃત્યુ અથવા અપંગતાના કિસ્સામાં આશ્રિત અથવા વિકલાંગ કર્મચારીને તેમના જીવનભર પેન્શન મળે છે. અટલ પેન્શન યોજના સ્વૈચ્છિક મૂળભૂત પૂરક પેન્શન યોજના છે. મોટે ભાગે નાની જોબ-ટૂંકા ગાળાના કરારો અથવા દૈનિક વેતન મેળવનારા લોકો માટે આ યોજના છે.

**2. પ્રોવિડન્ડ ફંડ :**

પ્રાવિડન્ડ ફંડ એ સરકારી તેમજ બિનસરકારી એકમોના કર્મચારીઓને લાગુ કરાય છે. આ યોજના મુજબ વ્યક્તિના પગારમાંથી તેના બેઝીક પગારના આધારે ચોક્કસ રકમ પ્રોવિડન્ડ ફંડના ખાતામાં જમા કરાવાય છે. સામાન્ય રીતે વ્યક્તિ કમાતી હોય ત્યારે ભવિષ્ય માટે આવક બચાવવાની વૃત્તિ ધરાવતો હોતો નથી અને વર્તમાન કુલ આવકોના આધારે ખર્ચ કરે છે. આથી સ્વૈચ્છિક બચતો ઓછી રહેવા પામે છે. ભવિષ્યના કોઈપણ આર્થિક, સામાજિક, ધાર્મિક કે અન્ય પ્રકારનો મોટો ખર્ચ આવી પડે ત્યારે વ્યક્તિ કે કર્મચારી પાસે ફંડ ઉપલબ્ધ હોતું નથી. આ સંજોગોમાં પ્રોવિડન્ડ ફંડમાંથી આંશિક રકમ ઉપાડ કરીને પોતાના વર્તમાન ખર્ચને પહોંચી શકે છે. લગ્ન, જન્મ, મરણ કે અન્ય સામાજિક વ્યવહારો, બાળકોના ઉચ્ચ શિક્ષણની જરૂરિયાત કે આરોગ્યના ખર્ચાઓ વર્તમાન આવકમાંથી કર્મચારી પહોંચી શકે નહીં તેથી પગારમાંથી કપાયેલી પ્રોવિડન્ડ ફંડ બચત સ્વરૂપે હોય છે. તેમાંથી ઉપરોક્ત ખર્ચાઓ કરવા માટે જમા થયેલ પ્રોવિડન્ડ ફંડમાં જરૂરી રકમ કર્મચારી મેળવી શકે છે. પ્રોવિડન્ડ ફંડ એ એક પ્રકારની ફરજિયાત બચત છે. જે કર્મચારીની વર્તમાન ખર્ચ કરવાની શક્તિ અને વૃત્તિ બંનેમાં ઘટાડો સૂચવે છે અને ભાવિ સલામતી માટેની શ્રેષ્ઠ યોજના સરકાર રચિત ગણી શકાય. કર્મચારીને નોકરી કે તેના સેવા કાળ દરમ્યાન આકસ્મિક ખર્ચાઓ કે રહેઠાણ માટે મકાનની ખરીદી કે બાળકોના લગ્ન પ્રસંગે, કર્મચારી પોતાના પ્રોવિડન્ડ ફંડની કુલ જમા થયેલી રકમના ૭૦ ટકા રકમ ઉપાડી શકે છે અને વર્તમાન ખર્ચાઓ પૂર્ણ કરી શકે છે. કર્મચારી નિવૃત થાય ત્યારે તેને બાકીની બધી જમા થયેલી રકમ એક સાથે વ્યાજ સહિત મળી રહે છે. જેનો ઉપયોગ સારા ભવિષ્ય માટે કર્મચારી કરી શકે છે.

પ્રોવિડન્ડ ફંડની યોજનાઓ જુદા જુદા પ્રકારની હોય છે. પેન્શનપાત્ર સેવાઓમાં G.P.F (Genral Providend Fund)ની સ્કીમ હોય છે. પેન્શન પાત્ર સેવાઓ ન હોય તેમને (CPF) કહે છે. જેમાં વ્યક્તિના પગારના નિશ્ચિત ટકા રકમ બેઝિક PFમાં જમા થાય છે અને તેટલો જ હિસ્સો સરકાર દ્વારા જમા થાય છે. આમ વ્યક્તિના ફંડ ઉપરાંત સરકારનો હિસ્સો પણ પ્રતિમાસ જમા થાય છે અને એકંદરે મોટું ભંડોળ વ્યાજ સહિત બને છે. ખાનગી એકમોમાં પ્રોવિડન્ડ ફંડ યોજના EPF એટલે કે Equity Providend Fund તરીકે ઓળખાય છે. ઓછામાં ઓછા ૨૦થી વધુ કર્મચારી હોય તેવી સંસ્થાઓ

અને આર્થિક એકમોમાં આ યોજના લાગુ કરવી ફરજિયાત છે. આમ PF, CPF અને EPF કર્મચારીઓનું ભવિષ્ય વધુ સલામત કરે છે. આ ફંડમાંથી જરૂરિયાતના સમયે ઉપાડ પણ થઈ શકે છે.

**3. ગ્રેજ્યુએટી (Graduity) :**

સરકારી કે ખાનગી સંસ્થાઓમાં કામ કરતાં કર્મચારીઓને ઓછામાં ઓછી અમુક વર્ષોની નોકરી પછી નોકરીના કુલ વર્ષોના આધારે કેટલાંક મહિનાઓનો બેઝીક પગાર એક સામટો આપવાની જોગવાઈ હોય છે. ખાનગી સંસ્થાઓમાં કામ કરતા ગુમાસ્તાઓને પણ આ નિયમ લાગુ પડે છે. ગ્રેજ્યુએટી એ કર્મચારીના કોઈપણ પ્રકારના કોન્ટ્રીબ્યુશન સિવાય માત્ર સરકાર કે સંસ્થા દ્વારા અપાતો આર્થિક લાભ છે. જે વ્યક્તિને નિવૃત્તિ પછીનો જીવનધોરણ ટકાવવા ઉપયોગી થાય છે. વર્તમાન સમયમાં વધુમાં વધુ ૨૦ લાખ ગ્રેજ્યુએટીની રકમ નિવૃત્તિ સમયે મળે છે. જો કે તેમાં કર્મચારીના નોકરીનો સમયગાળો અને નિવૃત્તિ સમયનો છેલ્લો પગાર ધ્યાને લઈ ગ્રેજ્યુએટી નિવૃત્ત કર્મચારીને ચૂકવાય છે.

**4. વીમો (Insurence) :**

કર્મચારીઓને જે તે સંસ્થા કે વિભાગ દ્વારા જૂથ વીમાનો લાભ આપવામા આવે છે. તેમાં કર્મચારીના પગારમાંથી નાની સરખી રકમ કપાય છે અને જ્યારે કોઈપણ કર્મચારીનું મૃત્યુ થાય ત્યારે તેને વીમા સ્વરૂપની ચોક્કસ રકમ પ્રાપ્ત થાય છે. ખાસ કરીને ઉદ્યોગો કે જોખમી વાણિજ્ય સેવાકીય એકમો કે વિભાગોના કર્મચારીઓ માટે અકસ્માત વીમો લેવામાં આવે છે અને અકસ્માત વખતે કર્મચારીને એ વીમાની રકમ ચૂકવાય છે. કેટલીક કંપનીઓ કે કેટલાંક સરકારી વિભાગો જોખમી કામગીરી સંદર્ભે કર્મચારીઓના અકસ્માત વીમા અને સામાન્ય વીમાની જવાબદારી ઉપાડે છે. અકસ્માતના સંજોગોમાં તેમને વળતર ચૂકવાય છે.

સંસ્થાઓ અને સરકારી વિભાગોમાં જૂથ વીમા યોજના તથા અકસ્માત વીમાના લાભ ઉપરાંત બધા જ લોકો માટે વિવિધ પ્રકારના વીમાની યોજનાઓ એ મહત્ત્વની એક સામાજિક સલામતીની યોજના ગણાય છે. ભારતમાં LIC ઉપરાંત હવે ઉદારીકરણ પછી ગણી બધી ખાનગી દેશી અને વિદેશી કંપનીઓ વિવિધ પ્રકારની વીમા સેવા પૂરી પાડે છે. જેમાં જીવન વીમો, પ્રોપર્ટી વીમો, વાહન વીમો, અકસ્માત વીમો તથા મેડિકેર ઈન્સ્યોરન્સ વગેરે વિવિધ પ્રકારની મુશ્કેલીઓ સામે આર્થિક વળતર ચૂકવવામાં આવે છે. જો કે વીમા સુરક્ષા મેળવવા માટે જે તે વ્યક્તિએ તેનું પ્રિમીયમ ભરવું પડે છે. પંરતુ પ્રતિકૂળ સંજોગોમાં સારો એવો આર્થિક લાભ મળતો હોવાથી વ્યક્તિ અને કુટુંબને સારી એવી સામાજિક સલામતીની સુરક્ષા પ્રાપ્ત થાય છે.

**5. પ્રધાન મંત્રી સુરક્ષા વીમા યોજના :**

કોઈપણ ૧૮ થી ૭૦ વર્ષના ભારતીય નિવાસી અથવા NRI મૂળ ભારતના વતની અને વિદેશમાં વસતા નાગરિકો માટે પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના જેને અકસ્માત ખાતરી યોજના પણ કહેવામાં આવે છે. તેને વાર્ષિક પ્રિમીયમ માત્ર રૂ. ૧૨ અને NRI માટે ૧૫CUSથી વીમો ઉતરાવી શકે છે. વીમા યોજના GST મુક્ત છે. વળી વીમો ઉતરાવનાર બેંક ખાતામાંથી ઓટોમેટિક વીમાની રકમ ડેબિટ થઈ જાય છે. આ વીમા યોજના ૧ જૂન થી ૩૧ મે સુધી એક વર્ષનું કવર ધરાવી શકે છે. બેંકો જાહેર ક્ષેત્રની સામાન્ય વીમા કંપનીઓ દ્વારા સંચાલન કરવામાં આવે છે. કોઈપણ વીમા ધારકનું અણધાર્યુ મૃત્યુ અથવા સંપૂર્ણ કે આંશિક અપંગતામાં વીમા ધારકના નોમિનીને મૃત્યુ થયે રૂ. ૨ લાખ (US $ 2,500) અને આંશિક અપંગતાના કિસ્સામાં રૂ. ૧ લાખ (US $ 1300)ની તાત્કાલિક ચૂકવણી કરવામાં આવે છે. આંશિક કાયમી અપંગતામાં આંખ, હાથ અથવા પગમાં ઉપયોગની

ખોટને ધ્યાનમાં લેવાય છે. પરંતુ જો વીમા ધારક આપઘાત કરે કે આલ્કોહોલ કે માદક દ્રવ્યોના સેવનથી મૃત્યુ પામે તેવા કિસ્સામાં વીમા ધારકના વારસોને આ વીમાનો લાભ મળતો નથી.

**6. P.F Cum Pension યોજના :**

પેન્શન યોજનાનો બીજો કોઈ જ સારો વિકલ્પ હોતો નથી. પેન્શન એ સૌથી શ્રેષ્ઠ સામાજિક સલામતીની યોજના છે. વર્ષ ૨૦૦૪થી સરકારે પેન્શન યોજના બંધ કર્યા પછી PPF અને EPF જેવી પ્રોવિડન્ડ ફંડ જેવી યોજનાઓ સાથે લાગુ કરી છે. આ યોજનામાં ફંડની ચોક્કસ રકમ જેમ કે ૫૦ ટકા અથવા જે તે સમયે નક્કી થતાં પ્રમાણ મુજબ એક સાથે ચૂકવવામં આવે છે અને બાકીની ૫૦ ટકા જેટલા ફંડનું મ્યુચ્યુઅલ ફંડ, બોન્ડ જેવી સ્કીમોમાં રોકીને તેમાંથી મળતું વળતર દર મહિને પેન્શન સ્વરૂપે ચૂકવાય છે. જેથી કર્મચારીને નિવૃત્તિ પછી નિયમિત આવક મળતી રહે છે અને કર્મચારીનું મૃત્યુ થાય તે સંજોગોમાં રોકેલી રકમ વારસદારને પ્રાપ્ત થાય છે. નિવૃતિ પછી સરકારી કે બિનસરકારી, સંગઠિત કે અસંગઠિત ક્ષેત્રની કોઈપણ વ્યક્તિને પેન્શન યોજનાઓનો લાભ મળે તે માટે કેટલીક નાણાકીય સંસ્થાઓએ (જેમ કે HDFC જેવી નાણાકીય સંસ્થાઓએ) પેન્શન યોજના અમલમાં મૂકી છે. પબ્લીકને પેન્શન યોજનાનો લાભ આપતી નાણાકીય સંસ્થાઓ ખૂબ જ માતબાર ભંડોળ ધરાવતી હોય છે. મૂડી બજારમાં મોટા પાયા ઉપર કામકાજનો બ્હોળો અનુભવ ધરાવતી હોય છે. આ પ્રકારની પેન્શન યોજના એ કોઈ વ્યક્તિની સેવાના બદલામાં અપાતી સામાજિક સુરક્ષા નથી. પરંતુ વીમાની જેમ આવી પેન્શન યોજનાઓ પણ એક પ્રકારની લાંબા ગાળાની બચત યોજના છે. જે અમુક વર્ષો પછી નિયમિત વળતર સ્વરૂપે રોકાણકર્તાને પ્રાપ્ત થાય છે. પેન્શન યોજનામાં લાભ લેવાને બદલે વ્યક્તિ અન્ય બચતો કે રોકાણો કરે તો એની નાણાકીય સમૃદ્ધિ વધે છે. પંરતુ ભવિષ્યમાં મળતી નિશ્ચિત રકમની ખાત્રી મળતી નથી. સરકારી કે કંપનીઓ દ્વારા કર્મચારીઓ માટેની EPF કે CPF આધારીત પેન્શન યોજના તથા ખાનગી નાણાકીય સંસ્થાઓ દ્વારા ચલાવાતી પેન્શન યોજનાઓમાં લાંબા ગાળાના મૂડીરોકાણ આધારીત મળતા ઊંચા નફા વડે વધુ નાણાકીય વળતર પ્રાપ્ત થાય છે. જે ફીક્સ ડીપોઝીટ કે બોન્ડ ઉપરના સાધારણ વ્યાજદર કરતાં વધારે હોય છે.

**7. પબ્લિક પ્રોવિડન્ડ ફંડ :**

સરકારી કે સંગઠિત ક્ષેત્રના કર્મચારીઓને પ્રોવીડન્ડ ફંડનો લાભ મળે છે. તેવી જ રીતે દરેક નાગરિક માટે પબ્લિક પ્રોવિડન્ડ ફંડની સોશિયલ સિક્યોરીટીની સ્કીમ ચલાવાય છે. સામાન્ય રીતે ૧૫ વર્ષ સુધીના ગાળાની આ સ્કીમ હોય છે અને તે રીન્યુ થઈ શકે છે. અમુક વર્ષો પછી તેમનો અમુક હિસ્સો ઉપાડ તરીકે લઈ શકાય છે. PPF યોજના એ એક પ્રકારની લાંબાગાળાની બચત યોજના જ છે. જયારે પણ તે રકમ વ્યાજ સહિત પ્રાપ્ત થાય ત્યારે તે રકમ આવક વેરા મુક્ત હોય છે.

**8. વિધવા પેન્શન :**

ભારત જેવા વિકાસશીલ દેશોમાં ઘણે અંશે સ્ત્રીઓ આર્થિક પ્રવૃત્તિઓ કરતી નથી અને પુરુષ ઉપર જીવનનિર્વાહ માટે આધારિત હોય છે. આ સંજોગોમાં વિધવા સ્ત્રીઓ તેમનો જીવનનિર્વાહ ચલાવી શકે તે માટે કેટલાક રાજયોમાં માસિક રૂ. ૧૦૦૦ થી રૂ. ૩૦૦૦ની મર્યાદામાં ચૂકવે છે. વિધવા કોઈપણ ઉંમરની હોય અને તેને ગમે તેટલાં બાળકો હોય તેમ છતાં તેણીને વિધવા પેન્શન પ્રાપ્ત કરવાનો અધિકાર છે.

**9. બેરોજગારી ભથ્થું :**

વિકસીત દેશોમાં ઘણે ભાગે ચક્રિય બેરોજગારી હોય છે. એટલે કે ટૂંકાગાળાની

બેરોજગારી હોય છે. આવા બેકારોને નવી રોજગારી પ્રાપ્ત થાય ત્યાં સુધી જીવનનિર્વાહ માટે બેરોજગારી ભથ્થુ આપવામાં આવે છે. ભારતમાં રાજકીય પક્ષો ચૂંટણી પહેલાં બેરોજગારી ભથ્થુ આપવાના વચન આપે છે. પંરતુ આર્થિક દૃષ્ટિએ એનો અમલ ખૂબ મુશ્કેલ હોવાથી બેરોજગારી ભથ્થાની યોજના અમલમાં આવતી નથી. આવી યોજનાનો મોટા પાયા ઉપર ગેરલાભ લેવાય તેવી શક્યતા રહેલી હોવાથી તેનો અમલ થઈ શકે તેમ નથી. મહારાષ્ટ્ર સરકારે ૧૯૭૫માં પ્રયત્ન કરેલો હતો. પરંતુ તેમાં નિષ્ફળતા મળતાં બેરોજગારી ભથ્થુ યોજના બંધ કરી હતી.

**10. અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતાં લોકો માટે સામાજિક સલામતીની વિશેષ જોગવાઈઓ :**

સામાન્ય રીતે વિવિધ સામાજિક સલામતીની યોજનાનો લાભ સરકારી કર્મચારીઓ અને સંગઠિત ક્ષેત્રના કર્મચારીઓને સારા એવા પ્રમાણમાં મળે છે. વળી જેઓ સરકારી કે સંગઠિત ક્ષેત્રની નોકરીઓમાં નથી પરંતુ સ્વતંત્ર વ્યવસાય કરે છે, અને સારી એવી કમાણી પણ કરે છે તેવા લોકો જુદા જુદા પ્રકારની ખાનગી નાણાકીય સંસ્થાઓ દ્વારા ચલાવાતી કે અન્ય સરકારી જાહેર પબ્લિક માટેની સામાજિક સલામતીની યોજનાઓનો લાભ લઈ શકે છે. જેમ કે જુદા જુદા પ્રકારના વીમા, જૂથ વીમો, અકસ્માત વીમો, મેડિક્લેઈમ તથા પેન્શન યોજનાઓ અને PPFનો લાભ લઈ શકે છે. પંરતુ મોટા ભાગની પ્રજા અસંગઠિત ક્ષેત્રમાં કામ કરે છે અને ખૂબ જ ઓછી આવક મેળવે છે. આવા લોકો માટે કેન્દ્ર સરકારે વિવિધ સામાજિક સલામતીની યોજનાઓ અમલમાં મૂકી છે.

**11. અટલ પેન્શન યોજના :**

અટલ પેન્શન યોજના એક સ્વૈચ્છિક અને મૂળભૂત પૂરક પેન્શન યોજના છે. જે મોટે ભાગે નાની-જોબ, ટૂંકાગાળાના કરારો અથવા દૈનિક વેતન મેળવનારા લોકો માટે છે. તે ૧૮ થી ૪૦ વર્ષની વયજૂથના તમામ બચત બેંક અથવા પોસ્ટ ઑફિસ બચત બેંક ખાતા ધારકો માટે ખુલ્લું છે. પસંદ કરેલ પેન્શનની રકમના આધારે લઘુતમ માસિક રૂ. ૧૦૦૦ થી ૬૦ વર્ષની ઉંમરે રૂ. ૫૦૦૦ સુધીનું નિયમિત રકમ પ્રતિ વર્ષે ભરીને જીવનભર પેન્શન મેળવી શકે છે. આમ ઓછી આવકવાળા લોકો પોતાના ભવિષ્યને નિયમિત આવક વડે સુરક્ષિત બનાવી શકે છે. સરકારનો દૃષ્ટિકોણ આ યોજના પાછળ એ છે કે ગરીબ લોકો પણ ભવિષ્યની સામાજિક સુરક્ષા માટે જાગૃત બને તે માટે કંઈક ભોગ વર્તમાનમાં આપવા તૈયાર થાય. સરકાર બધા જ લોકોને સામાજિક સલામતીની યોજનાનો લાભ આપી શકે તેવી આર્થિક સ્થિતિ હોતી નથી. જો તમામ નાગરિકોને આ બધી યોજનાના લાભ મફતમાં આપવામાં આવે તો નાગરિકો બેદરકાર અને બેજવાબદાર બને છે. પરિણામે વિકાસલક્ષી મૂડીરોકાણોમાં ઘટાડો થાય છે.

**12. પ્રસૂતિ લાભો :**

ધી કોડ ઓન સોશિયલ સિક્યોરીટી ૨૦૨૦ મુજબ તમામ મહિલા કર્મચારીઓ ૨૬ અઠવાડિયાની સંપૂર્ણ પગાર રક્ષિત પ્રસૂતિ રજા ભોગવી શકે છે. જેમાં ડિલીવરી પહેલાં મહત્તમ આઠ અઠવાડિયા અને બાકીનો સમય બાળકના જન્મ પછી સવેતન રજા ભોગવી શકે છે. જે મહિલાઓને ૨ કે તેથી વધુ હયાત બાળકો હોય તેમના માટે પેઈડ મેટરનીટી લીવનો સમયગાળો ૧૨ અઠવાડિયા એટલે કે છ અઠવાડિયા ડીલીવરી પહેલા અને છ અઠવાડિયા ડીલીવરી પછીનો રહે છે. બાળક દત્તક લેનારી માતાઓને ત્રણ મહિનાથી ઓછી ઉંમરનું બાળક હોય તો દત્તક લેનાર તારીખથી ૧૨ અઠવાડિયાની પ્રસૂતિ રજા લઈ શકે છે. કમિશનીંગ માતાઓ એટલે કે જૈવિક માતા તરીકે ગણાય છે. કમિશનીંગ માતા કે જે અન્ય કોઈપણ સ્ત્રીમાં રોપવામાં આવેલ ગર્ભ બનાવવા માટે તેના ઈંડાનો ઉપયોગ

કરે છે. આવી મહિલાને વર્ષમાં ૮૦ દિવસ કામ કરવું જરૂરી છે. આ સામાજિક સુરક્ષા માટે અમ્પ્લોયર દ્વારા સંપૂર્ણ ભંડોળ પૂરું પાડવામાં આવે છે અને પ્રસૂતિના લાભ આપવા માટે તમામ સંસ્થાઓ માટે ફરજિયાત છે.

સગર્ભા મહિલાઓ માટે પોષણક્ષમ આહાર, સુખડી વિતરણ અને હળવા કામની જોગવાઈ છે. BPL કાર્ડ ધરાવનાર સગર્ભા મહિલા સારી હૉસ્પિટલો તે પછી સરકારી કે ખાનગી હોય તેમાં મફત સારવાર, પ્રસૂતિ અને દવાઓનો ખર્ચ આપવામાં આવે છે. એટલું જ નહીં ડીલીવરી પછી ઘરે જવા માટે ગાડી ભાડાના રૂ. ૩૦૦/- પણ ચૂકવવામાં આવે છે. સામાજિક સુરક્ષાના આ લાભથી માતા મૃત્યુદર અને બાળ મૃત્યુદરમાં ઘટાડો જોવા મળ્યો છે. વળી માતા અને બાળકની તંદુરસ્તી જળવાય છે. આ ઉપરાંત બાળકના પિતાને પણ ૧૫ દિવસ સવેતન "પેટરનીટી લીવ" એટલે કે પિતૃત્વ રજા સવેતન બે બાળકોના જન્મ સુધી મળવાપાત્ર છે. જેથી બાળક અને તેની માતાની સંભાળ રાખી શકાય.

### 13. મધ્યાહન ભોજન યોજના (મફત શાળા ભોજન) :

કાયદાકીય અધિનિયમ નેશનલ ફૂડ સિક્યોરીટી એક્ટ ૨૦૧૩ મુજબ સરકારી, સરકાર અનુદાનિત, સ્થાનિક સંસ્થા (નગરપાલિકા કે નગર પંચાયત સંચાલિત શાળા), શિક્ષણ ગેરંટી યોજના અને સર્વ શિક્ષા અભિયાન હેઠળ સમર્પિત વૈકલ્પિક નવીન શિક્ષણ કેન્દ્રો, મદરેસા અને મકતબ અને રાષ્ટ્રીય બાળ મજૂર પ્રોજેક્ટ શાળાઓમાં પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક વર્ગના બાળકોને કામકાજના દિવસોમાં શાળામાંથી મફત ભોજન પૂરું પાડવામાં આવે છે. મધ્યાહન ભોજન યોજનાનો ઉદ્દેશ શાળામાંથી ડ્રોપ આઉટ રેશિયો ઓછો કરવાનો તેમજ બાળક ભોજનની અપેક્ષાએ શાળામાં શિક્ષણ હેતુ આવે તે હતો. આ યોજના શ્રમ મંત્રાલય દ્વારા ચલાવવામાં આવે છે. આ યોજનાનો લાભ ૧૨,૬૫,૦૦૦થી વધુ શાળાઓ અને ૧૨ કરોડથી વધુ બાળકોએ લીધો છે. વિશ્વમાં સૌથી મોટા પ્રકારની આ એક સામાજિક સુરક્ષાની યોજના છે. જે ભારતમાં પ્રચલિત છે. આમ તો ભારતમાં સૌ પ્રથમ ૧૯૯૫માં મફત શાળા ભોજનની શરૂઆત થઈ હતી. પરંતુ ૨૦૧૩ રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ હેઠળ ઘણાં ફેરફારો કરવામાં આવ્યાં હતાં.

### 14. પ્રધાનમંત્રી આવાસ યોજના :

ગરીબ અને ઘરવિહોણા ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં ગરીબી ઘટાડવાના ઉદ્દેશથી પ્રધાનમંત્રી આવાસ યોજના છે. ઓછી આવક ધરાવતા અને નિવૃત્ત કર્મચારીઓ પોતાનું ઘર લઈ શકે તે માટે મેદાની વિસ્તારોમાં રૂ. ૫,૨૦,૦૦૦ અને મુશ્કેલ વિસ્તારોમાં રૂ. ૫,૩૦,૦૦ની નાણાકીય સહાય આપવામાં આવે છે. જેનો ખર્ચ કેન્દ્ર સરકાર ૬૦ ટકા અને રાજ્ય સરકાર ૪૦ ટકા ઉઠાવે છે. આ ઘરોમાં શૌચાલયો, એલપીજી રાંધણ ગેસ કનેકશન, વીજળી કનેકશન અને અન્ય યોજનાઓ સાથે જોડાણમાં પાઈપવાળા પીવાના પાણી તેમજ ગંદા પાણીના નિકાલ માટે ભૂગર્ભ ગટર યોજના જેવી સુવિધોથી સજ્જ હોય છે. ગ્રામીણ અને શહેરી બંને વિસ્તારો માટે રૂ. ૪૮,૦૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે. આમ મારા સ્વપ્નનું પોતિકુ ઘરની ઇચ્છા ગરીબ માણસ પણ પૂરી કરી શકે તેવી સામાજિક કલ્યાણની પ્રધાનમંત્રી આવાસ યોજના છે.

### 15. પ્રધાનમંત્રી માતૃવંદના યોજના :

મહિલા અને બાળ કલ્યાણ વિકાસ મંત્રાલય દ્વારા ૨૦૧૭થી ઓછી આવક ધરાવતા પરિવારો માટે માતૃત્વ લાભનો કાર્યક્રમ પ્રધાનમંત્રી માતૃવંદના યોજના અમલમાં છે. ૧૯ વર્ષ કે તેથી વધુ ઉંમરની સગર્ભા કે સ્તનપાન કરાવતી સ્ત્રી પ્રથમ જીવંત જન્મ માટે શરતી રોકડ ટ્રાન્સફર યોજના છે. બાળક જન્મે અને બાળઉછેર દરમ્યાન વેતન નુકસાન માટે

મહિલાઓને આંશિક વેતન વળતર પૂરું પાડે છે. સુરક્ષિત ડિલિવરી અને સારા પોષણ અને ખોરાકની પદ્ધતિઓ માટે શરતો પ્રદાન કરે છે. ૨૦૧૩માં આ યોજના અધિનિયમમાં જણાવ્યા મુજબ રૂ. ૬૦૦૦/- રોકડ પ્રસૂતિ લાભની જોગવાઈના અમલીકરણ માટે રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ ૨૦૧૩ હેઠળ લાવવામાં આવી હતી. લાયકાત ધરાવતા લાભાર્થીઓને સંસ્થાકીય પ્રસૂતિ માટે જનની સુરક્ષા યોજના (JSY) હેઠળ લાભ મળે છે. જેનો ખર્ચ કેન્દ્ર અને રાજ્ય સરકાર બંને ઉપાડે છે. વર્ષ ૨૦૨૦માં રૂ. ૨૪૭૫.૮૯ કરોડ આ યોજના હેઠળ ખર્ચ થયો હતો.

**16. સંકલિત બાળ વિકાસ સેવાઓ (ICDS) :**

આ યોજના ૧૯૭૫માં શરૂ થઈ હતી. આ સરકારી કાર્યક્રમ છે. જે ૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો અને તેમની માતાઓને ખોરાક, પૂર્વ શાળા શિક્ષણ, પ્રાથમિક આરોગ્ય સંભાળ, પરિવારોને રોકડ ટ્રાન્સફર, રસીકરણ, આરોગ્ય તપાસ અને તે સંદર્ભે સેવાઓ આપવાનો છે. મોટે ભાગે ગ્રામીણ વિસ્તારો અને શહેરોમાં આંગણવાડી કેન્દ્રો સાથે જોડયાં છે. કૂપોષણ અને ખરાબ સ્વાસ્થ્ય સામે લડવા ઉપરાંત છોકરીઓને સમાન સંશાધનો આપી લિંગ અસમાનતા સામે લડવાનો પણ ઉદેશ છે. વર્ષ ૨૦૧૮-૧૯ના નાણાકીય વર્ષ દરમ્યાન આ કાર્યક્રમ હેઠળ રૂ. ૧૬,૩૩૫ કરોડ ફાળવ્યા હતા. ખાસ કરીને નબળાં અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા ગ્રામીણ કૂપોષણ સામે લડવામાં આ યોજના મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

**17. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના (નરેગા) :**

સપ્ટેમ્બર ૨૦૦૫માં વડાપ્રધાન મનમોહન સિંહે રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના એક્ટ પસાર કરવામાં આવ્યો હતો. તેનો મૂળભૂત હેતુ "કામ કરવાની ખાત્રી આપવાનો અધિકાર" છે. દરેક પરિવારને ઓછામાં ઓછા વર્ષ દરમ્યાન ૧૦૦ દિવસની એક વ્યક્તિને રોજગારી પૂરી પાડવાનો હતો. વિશ્વનો સૌથી મોટો જાહેર કાર્યક્રમ માંનો આ એક છે. જો કે પાછળથી આ શ્રમકાર્ય યજ્ઞ હોવાથી મહાત્મા ગાંધીજીના નામ સાથે આ કાર્યક્રમ જોડી દેવામાં આવ્યો. જેને 'મનરેગા' મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના (Mahatma Gandhi National Rural Employment Garunttee Act - MANAREGA) નામે હાલમાં આ યોજના ચાલુ છે. આ યોજના કુટુંબને રોજગારી આપીને સામાજિક આર્થિક સુરક્ષા પૂરી પાડે છે. વર્ષ ૨૦૨૧માં રૂ. ૨,૦૧,૬૬૬ કરોડની ચોખ્ખી ફાળવણી કરવામાં આવી હતી.

**18. વૃદ્ધાવસ્થા પેન્શન :**

વિકસીત દેશોમાં તમામ નાગરિકોને ૬૫ વર્ષથી ઉંમર પછી સરકાર દ્વારા નિયમિત પેન્શન આપવામાં આવે છે. જેથી નિવૃત્તિના સમયે તમામ નાગરિકો યોગ્ય જીવનનિર્વાહ ચલાવી શકે. ભારત જેવા વિકસતા દેશોમાં વૃદ્ધાવસ્થા પેન્શન BPL ધારકો (Belov Poventy Line - ગરીબી રેખા નીચે જીવતા લોકો) માટે એટલે કે ખૂબ ઓછી આવક ધરાવતા લોકો માટે અમલમાં હોય છે. સામાન્ય રીતે રાજ્ય સરકારો પોતાની આર્થિક સ્થિતિ મુજબ ૬૫ વર્ષથી ઉપરના ગરીબ લોકોને રૂ. ૨૦૦૦ થી રૂ. ૩૦૦૦ની રકમ પ્રતિમાસ વૃદ્ધાવસ્થા પેન્શન સ્વરૂપે આપે છે. જેથી વૃદ્ધો બાળકો ઉપર બોજરૂપ ન બનતા તેમની થોડી ઘણી જરૂરિયાતો સંતોષી શકે.

**19. પ્રધાનમંત્રી વીમા યોજના :**

સરકારે રોજના એક રૂપિયા લેખે વર્ષના રૂ. ૩૬૦ કપાત કરાવી પ્રધાનમંત્રી જીવન વીમા હેઠળ વ્યક્તિનું કુદરતી મૃત્યુ થાય તો તેના વારસદારને રૂ. બે લેખા આપવામાં

આવે છે. તેવી જ રીતે વર્ષના રૂ. ૧૨ મહિનાના ૧ રૂ. લેખે અકસ્માત વીમા યોજનામાં રોકાણ કરે અને કોઈપણ વ્યક્તિનું અકસ્માતમાં મૃત્યુ થાય તો તેના કુટુંબીજનોને રૂ. ૨ લાખનો અકસ્માત વીમામાં ચેક આપવામાં આવે છે. આમ સામાન્ય એવી રકમમાં કુદરતી કે અકસ્માત સમયે તેના કુટુંબીજનોને રૂ. ૨ લાખની રકમ દ્વારા ટૂંકાગાળાની સામાજિક સલામતી આપવામાં આવે છે.

**20. કલ્યાણલક્ષી યોજનાઓ :**

સામાજિક સલામતીની યોજનાઓ તથા કલ્યાણલક્ષી યોજનાઓ એ બંને જુદી બાબતો છે. આમ છતાં કેટલીક કલ્યાણલક્ષી યોજનાઓએ સામાજિક સલામતી યોજનાઓને પૂરક હોય છે. વિશેષ સંજોગોમાં પ્રજાના ગરીબ વર્ગને ખોરાકી ચીજો વિના મૂલ્યે પૂરી પાડવી તથા કુદરતી આફતો સમયે ભોગ બનેલાઓને આર્થિક સહાય આપવી, ગંભીર અકસ્માતોમાં મૃત્યુ પામેલાઓ તથા ઘવાયેલાં લોકોને વળતર ચૂકવવું, કુદરતી આફતોના સંજોગોમાં પાક નિષ્ફળ જાય તે સંજોગોમાં ખેડૂતોને વળતર આપવું. આ બધી યોજનાઓ એ સીધી રીતે સામાજિક સલામતીની યોજનાઓ નથી પંરતુ કલ્યાણલક્ષી યોજનાઓ છે. જે સામાજિક સલામતીની યોજના જેવા જ લાભ આપે છે. ભારતમાં કોવિડની મહામારી દરમ્યાન ઘણા લોકોએ રોજગારી અને આવકો ગુમાવી તે પૈકી મોટા ભાગના લોકોને (૮૦ કરોડ લોકોને) ઘણા સમય સુધી મફતમાં ખોરાક સીધું-સામાન પૂરું પાડવામાં આવ્યું હતું.

**21. આરોગ્ય સહાયની યોજના :**

સામાન્ય રીતે ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે તબીબી સારવારનો ખર્ચ કમ્મરતોડ હોય છે. અને સામાન્ય લોકોને તે ખર્ચ પોષાતા નથી. બધા રોગોની સારી ગુણવત્તાવાળી તબીબી સારવાર અને સેવાઓ બધા સરકારી દવાખાનાઓમાં પ્રાપ્ય હોતી નથી અને ખાનગી હૉસ્પિટલો કે સ્પેશિયાલીટી હૉસ્પિટલોમાં તબીબી સારવાર ખૂબ જ મોંઘી હોય છે. જે ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને પરવડતી નથી. આ સંજોગોમાં ઘણા કુટુંબીજનોએ પોતાની બધી બચતો ખર્ચી નાખવી પડે છે. અથવા અસ્થાયી કે સ્થાયી સંપત્તિ વહેંચવી પડે છે. અથવા ભારે કરજ કે દેવા હેઠળ દબાઈ જવું પડે છે. આ સંજોગોમાં મા અમૃતમ વાત્સલ્ય યોજના, પ્રધાનમંત્રી યોજના, આયુષ્યમાન ભારત યોજના, મા કાર્ડ યોજના વડે દેશના બધા જ ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને મફત સારવાર મળે છે. જો કે આયુષ્યમાન કાર્ડ દ્વારા વર્ષે રૂ. પાંચ લાખ સુધીની તબીબી સારવાર કરાવવાની સગવડ સરકાર દ્વારા મળે છે. ગુજરાત સરકારે મા અમૃતમ વાત્સલ્ય યોજના વડે પણ તબીબી સારવારના ખર્ચ સંદર્ભે ગરીબ અને મધ્મય વર્ગના લોકોને ઘણો લાભ આપ્યો છે.

## 12.7 સામાજિક સલામતીની અસરો

દેશના નાગરિકોને ખાનગી એકમો, જાહેર સાહસો અને સરકાર દ્વારા વિવિધ પ્રકારની સામાજિક સલામતીનો લાભ પ્રાપ્ત થાય ત્યારે નાગરિકોની આવકો અને તેમના જીવનધોરણ ઉપર અનુકૂળ અસરો જન્મે છે. જે નીચે મુજબ છે.

1. સામાજિક ન્યાય : સામાજિક સુરક્ષાનો લાભ દરેક નાગરિકો માટે હોય છે. ધનિકો પોતાની ભાવિ વ્યવસ્થા અગાઉથી કરે છે. પંરતુ ઓછી આવકવાળા લોકો માટે કોઈપણ આકસ્મિક અવસ્થા કે નિવૃત્તિ સમયે અથવા પોતે હયાત ન હોય તો તેના કુટુંબનું સ્વમાનભેર જીવનનિર્વાહ ચાલી શકે તેવી કોઈ વ્યવસ્થા કે આયોજન હોતું નથી. વળી આવક કમાવવા અંગેના પ્રતિકૂળ સંજોગો થાય અને વ્યક્તિની કોઈપણ કારણોસર આવક બંધ થાય કે નોંધપાત્ર પ્રમાણમાં ઘટી જાય તેવા સંજોગોમાં

વ્યક્તિ હયાત હોય તો પોતાનું તેમજ કુટુંબના સભ્યોનું અને જો હયાત ન હોય તો તેના કુટુંબના સભ્યોનું જીવનનિર્વાહ સન્માનપૂર્વક થઈ શકે તે રીતે વ્યક્તિને કે તેના કુટુંબને આર્થિક વળતર કે સહાય પ્રાપ્ત થાય એ દેશના લોકોની ખરી સામાજિક સુરક્ષા છે. જે ગરીબોને ખાસ કરીને સહાયરૂપ થાય છે અને સામાજિક ન્યાયની પ્રાપ્તિ થાય છે.

2. કોઈપણ માનવીનો જીવનનિર્વાહ આવકથી ચાલી શકે છે. આવકો ઓછી થાય કે બંધ થાય તો માનવીને જીવનનિર્વાહ ટકાવવું મુશ્કેલ બને છે. જીવનનિર્વાહ ટકાવવા પૂરતું વળતર સરકાર કે કંપનીઓ આપી શકે છે. હપ્તા, પેન્શન સ્કીમ, વીમા યોજના એ વર્તમાનમાં પ્રિમીયમ આપવું પડે છે અને તેના બદલામાં ભવિષ્યમાં વળતર મળે છે અને લઘુતમ જીવન ટકે એ જ સુરક્ષા છે. કુટુંબ જીવનનિર્વાહ કરી શકે. લાચારી કે મજબૂરીની સ્થિતિમાં મૂકાઈ ન જાય, અભાવ અને ભિખારી જીવન જીવવું ન પડે, ગુનાખોરી કે આત્મહત્યા કરી જીવન ટૂંકાવવું ન પડે અને લાચારી કે અભાવની સ્થિતિમાં જીવવું ન પડે તેવો મુખ્ય હેતુ સામાજિક સુરક્ષાનો છે. બીજું માનવીની હયાતી વગર કે પોતે અશક્ત બને ત્યારે તેના કુટુંબને લાભ આર્થિક ધોરણે પ્રાપ્ત થાય છે. વળી નિવૃત્તિને કારણે આવક બંધ થાય તે સમયે નિયમિત આવક સ્વરૂપે કે બધી ભેગી થયેલી બચત એક સાથે પ્રાપ્ત થાય તો વ્યક્તિ યોગ્ય આયોજન કરી જીવનનિર્વાહ સારી રીતે કરી શકે છે.

3. સામાજિક સુરક્ષાની મુખ્ય અસર પ્રતિકૂળ સંજોગોમાં વ્યક્તિ કે કુટુંબની આવક બંધ થાય અને કુટુંબ અત્યંત લાચારીની સ્થિતિમાં ન મૂકાય તેમજ સમાજમાં સન્માન કે ગૌરવભેર જીવી શકે છે. કુટુંબ ભાવિ ચિંતામાંથી મુક્ત થાય છે. લોકો વર્તમાન જીવનને સારી રીતે ભયમુક્ત જીવન માણી શકે છે. તેથી ખરાં અર્થમાં સુખાકારીનો આંક સામાજિક સુરક્ષાને લીધે ઊંચો જાય છે. આમ ચિંતા મુક્ત જીવન એ સાચા અર્થમાં સુખાકારી પૂરી પાડે છે.

4. જેમની આર્થિક સ્થિતિ અત્યંત નબળી છે. ભાવિ આવકના સ્ત્રોતો નથી અને વર્તમાન જીવન ટકાવવું મુશ્કેલ છે. તેવા ગરીબ લોકોને કે નિઃ સહાય વૃદ્ધો, વિધવાઓ કે અનાથ બાળકોને સામાજિક સુરક્ષાની યોજના થકી આર્થિક રાહત મળે છે. તેમનું જીવનધોરણ સરળ બને છે. તેઓ લઘુતમ જરૂરિયાતો સહેલાઈથી ભોગવી શકે છે.

5. વ્યક્તિ ચાલુ આવકમાં માંદગી, અકસ્માત કે મૃત્યુ જેવી પરિસ્થિતિમાં ખલેલ પડે તે સમયે સામાજિક સુરક્ષાથી વ્યક્તિ અને તેના કુટુંબને આર્થિક લાભ અને માનસિક સુરક્ષાનો લાભ મળે છે. માનવી પોતે બીજા પર આશ્રિત ન બને અને સ્વમાનભેર જીવે, તે નિવૃત્તિ પછીની તક સ્વરૂપે સામાજિક સુરક્ષાનો લાભ મળે છે. કામ કરનાર વ્યક્તિ પણ લાંબા ગાળે વધુ સારું ભંડોળ કે વળતર મળે તે હેતુથી વર્તમાનમાં સ્વભંડોળ આપીને ભવિષ્યમાં વીમો કે પેન્શન જેવા લાભ મેળવી શકે છે. વ્યક્તિ પોતાની કમાણીમાંથી ભાવિ સામાજિક સુરક્ષા પાછળ અમુક ભંડોળ ફાળવવું પડે છે. સરકાર કે કંપની પણ સહાયરૂપે ગ્રેજ્યુએટી વગેરે સ્વરૂપે વળતર આપી ભાવિ જીવનને સલામતી પૂરી પાડે છે.

6. સામાજિક સુરક્ષાની યોજનાઓના લાભની અસર સૌથી વધુ ગરીબોને પ્રાપ્ત થાય છે. ખાસ કરીને વધુ કમાણી કરનાર વર્ગને ભાવિ પેન્શન, PPF, જીવનવીમા વગેરેમાં પૈસા રોકે છે અને તે ભાવિ સ્થિતિમાં વળતર મેળવે છે. પરંતુ ગરીબ લોકો આવી યોજનાઓમાં કોન્ટ્રીબ્યુશન (ભાગીદારી) આપી શકતા નથી. જેઓ

સ્વૈચ્છિક વીમો, અકસ્માત વીમો, મેડિક્લેઈમ વગેરે લઈ શકતા નથી. આવા લોકો માટે સરકારે કાયદા દ્વારા અસંગઠિત ક્ષેત્રનાં કામદારોને માટે સરકારે સ્કીમો મૂકી છે. નાની રકમોનો લાભ સામાજિક સુરક્ષા માટે આપી છે.

7. પ્રધાનમંત્રીએ ગરીબો માટે ૨ લાખ રૂ.નો અકસ્માત વીમો, વાર્ષિક રૂ. ૩૬૦માં ૨ લાખનો જીવનવીમો, અટલ વીમા યોજનાનો લાભ અસંગઠિત ક્ષેત્રના લોકોને મળે છે. ગરીબ વ્યક્તિ કે સામાન્ય વ્યક્તિ પૈસા રોકીને પોતે વળતર સ્વરૂપે પરત મેળવે છે. સરકારી કે કંપનીના લાભ સ્વરૂપે નહીં. સામાજિક સલામતીની યોજના અનુસાર બજારમાં નિયમિત પૈસા કે હપ્તા ભરીને પેન્શન યોજના અને હેલ્થ વીમા યોજનાથી જાગૃત લોકો પૈસા બચાવીને લાભાન્વિત થાય છે.

8. ગરીબ લોકો ઉચ્ચ કક્ષાની હૉસ્પિટલોમાં આવકના અભાવે વિશિષ્ટ સારવાર લઈ શકતા નથી. સ્પેશિયાલીસ્ટ ડૉક્ટરોના અતિ ઊંચા ખર્ચને ઉપાડી શકતા નથી અને રોગમુક્ત બનતા નથી. આવા ગરીબ લોકો માટે મા અમૃત યોજના, મા કાર્ડ, આયુષ્યમાન કાર્ડ થકી રૂ. ૫ લાખ સુધીનો સારવાર ખર્ચ સરકાર આપે છે. જેથી ગરીબો પણ સ્પેશયાલીસ્ટ ડૉક્ટરો અને હૉસ્પિટલોનો લાભ પ્રાપ્ત કરી ભયંકર રોગોની તબીબી સારવાર મેળવી શકે છે.

9. સરકાર HDFC જેવી બેંકોમાં ભાવિ સલામતી માટે; ગરીબો જાગૃત બને તે માટે વર્તમાનમાં થોડી બચત કરી પેન્શન પ્લાન યોજનાનો લાભ આપે છે. સંગઠિત અને અસંગઠિત ક્ષેત્રના સામાન્ય કર્મચારીઓને મેડિક્લેઈમ પોતાના ભવિષ્યને નિયમિત આવક વડે સુરક્ષિત બનાવી શકે છે. કેન્દ્ર સરકારનો દૃષ્ટિકોણ આ યોજના પાછળ એ છે કે ગરીબ લોકો પણ પોતાના ભવિષ્ય માટે જાગૃત બની વર્તમાનમાં કંઈક ભોગ આપી સામાજિક સુરક્ષા પ્રાપ્ત કરે. સરકાર બધા જ લોકોને સામાજિક સલામતીની યોજનાનો લાભ આપી શકે તેવી આર્થિક સ્થિતિ હોતી નથી અને જો તમામ નાગરિકોને આ બધી જ યોજનાનો લાભ મફતમાં આપવામાં આવે તો નાગરિકો બેદરકાર બને અને બેજવાબદાર બને છે. પરિણામે દેશમાં વિકાસલક્ષી મૂડીરોકાણમાં ઘટાડો થાય અને દેશનો આર્થિક વિકાસ રુંધાય છે.

સામાજિક સુરક્ષાની વિવિધ યોજનાઓથી દેશમાં કેટલેક અંશે આવકની અસમાનતા ઘટે છે. લોકોની સુખાકારી અને કલ્યાણમાં વધારો થાય. ભાવિ ચિંતાઓમાંથી કેટલેક અંશે લોકો મુક્ત બને છે. લોકોના જીવનધોરણમાં સુધારો થાય છે. કેટલેક અંશે ગરીબી ઘટે છે. આરોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ બનતાં વર્તમાન અને ભાવિ તંદુરસ્તી વધે છે. જે દેશના આર્થિક વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

- **સમીક્ષા**

કલ્યાણલક્ષી યોજના એ સમાજ કલ્યાણની પૂરક-સહાયક છે. જે સામાજિક સલામતીની યોજનાની જેમ સામાન્ય લોકોને વિવિધ સ્વરૂપે જીવન સરળ બનાવવામાં સહાયરૂપ છે. કોઈપણ દેશમાં પૂરેપૂરી સામાજિક સલામતી ત્યારે જ થઈ કહેવાય કે જ્યારે દરેક નાગરિકને લઘુતમ જીવન જીવવા માટે જરૂરી આવશ્યક આર્થિક સહાય મળે તથા નિવૃત્તિ પછી એટલે કે વૃદ્ધાવસ્થામાં જીવનનિર્વાહ ચલાવી શકાય તેટલું પેન્શન મળે. વિકસીત દેશોમાં આ પ્રકારની સામાજિક સલામતીની વ્યવસ્થા પ્રવર્તે છે. પરંતુ વિકાસશીલ દેશોમાં તમામ નાગરિકોને લઘુતમ જીવન જીવવા માટેની આર્થિક સહાય તથા નિવૃત્તિ પેન્શન આપવાનું શક્ય નથી. આ પ્રકારની સાર્વત્રિક સામાજિક સુરક્ષા પાછળ ખૂબ મોટું બજેટ ફાળવવું પડે. જે વિકાસશીલ દેશો માટે શક્ય નથી. આ પ્રકારની સાર્વત્રિક સામાજિક

સલામતીની વ્યવસ્થા દરેકને પ્રાપ્ત થાય તે માટે ઘણાં વર્ષો સુધી સતત આર્થિક વૃદ્ધિ થવી આવશ્યક છે અને તેથી આ દેશોને અર્થતંત્રના વિકાસ માટેના તમામ પ્રયાસો અમલમાં મૂકવા જોઈએ.

આધુનિક વર્તમાન સમયમાં ભારત જેવા ઘણાં દેશો સામાજિક સલામતી તથા કલ્યાણલક્ષી યોજનાઓ સારા એવા પ્રમાણમાં પ્રજાને પૂરી પાડવા પ્રશંસનીય પ્રયાસ કર્યા છે. સામાજિક સલામતી દેશના તમામ નાગરિકોને બે સ્વરૂપે પ્રાપ્ત થાય તે ખૂબ જરૂરી ગણાય. (૧) લઘુતમ આવક ભથ્થુ જે દરેક કુટુંબને પ્રાપ્ત થાય અને (૨) વૃદ્ધાવસ્થામાં લઘુતમ જીવનનિર્વાહ ચલાવવા માટેનું પેન્શન જે તમામ વૃદ્ધોને પ્રાપ્ત થાય. જો આ બે પ્રકારે દેશમાં સામાજિક સલામતીના લાભ દરેક નાગરિકને પ્રાપ્ત થાય તો વિકસીત દેશો જેવી જ સામાજિક સલામતીની વ્યવસ્થા થઈ કહેવાય અને ત્યારે જ ખરા અર્થમાં કલ્યાણલક્ષી રાજ્યની સ્થાપના પરીપૂર્ણ થઈ ગણાય. જો કે આ માટે ભારતે હજુ ઘણાં વર્ષો સુધી ઊંચા દરે સતત વિકાસ કરવો પડશે.

- **ટૂંકાક્ષરો**

- NPS - National Pension System - નેશનલ પેન્શન સિસ્ટમ
- PFRDA - Pension Fund Regulatary and Devlopment Authoriety - પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરીટી. જેનું નિર્માણ ભારતની સંસદના અધિનિયમ દ્વારા કરવામાં આવ્યું.
- GPF - Genral Providend Fund - જનરલ પ્રોવિડન્ડ ફંડ
- CPF - Contributaly Providend Fund - કોન્ટ્રીબ્યુટલી પ્રોવિડન્ડ ફંડ
- EPF - Equity Providend Fund - ઈક્વિટી પ્રોવિડન્ડ ફંડ
- EPS - Employers Providend Scheme - કર્મચારી પેન્શન સ્કીમ
- EDLI - Employes Deposite Linked Insurance
- APY - Atal Pension Yojana - અટલ પેન્શન યોજના
- PF - Providend Fund - પ્રોવિડન્ડ ફંડ
- LIC - Life Insurance Corporation - જીવન વીમા નિગમ
- UIDAI - યુનિક આઈડેન્ટીફિકેશન ઓથોરીટી ઑફ ઈન્ડિયા જેને આધાર કાર્ડના નામે ઓળખાય છે.
- PPF - Public Providend Fund - પબ્લિક પ્રોવિડન્ડ ફંડ
- BPL - Below Poverty Line - ગરીબ રેખા નીચે જીવતા કુટુંબ
- JSY - Janani Surksha Yojana - જનની સુરક્ષા યોજના
- ICDS - Intergrated Child Development Scheme - સંકલિત બાળ વિકાસ સેવાઓ
- NREGA - National Rural Employment Garrenttee Act. 2005 - રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના
- MNREGA - (મનરેગા) મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના.
- NCL -National Commition on labor

- PM.JAY - Prime Minister Jan Arogya Yojana - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના
- NCFUS - National Commission For Unorganised Section - નેશનલ કમિશન ફોર અસંગઠિત ક્ષેત્ર
- PMMVY - Pradhan Mantri Matru Vandana Yojana - પ્રધાનમંત્રી માતૃવંદના યોજના

## ● સંદર્ભ વાચન


- 'The code on Social Security 2020. Ministry of Law and Justice. the Gazette of India.
- Sabharval, Manish, mehrishi, Rajiv (21 April 2021) "Covid is an opportunity to make Structural changes to our largest health insurance and penstion schemes" The Indian Express, Retrived 30 may 2021.
- "Expenditure on Social increased by more than one percentage points as population of GDP during last five years. 'Economic Survey' Press information Buneau. Ministry of finance. Government of India 4 July 2019.
- "Schemes. Pradhan Mantri Jan-Dhan Yojana (PMJDY) Department of Financial services." Ministry of Finance, Government of India.
- "Gort. defers promulgation of ordinance on Food Sequrity Bill" Times of India. 13 June 2013
- "Pradan Mantri Matru Vandana Yojana" Vikaspidia in Retrived 31 March 2020
- "Budget 2022. Gont. allocates Rs. 48 K. Crore for universal housing, pushes for easy approvals for middle class and EWS in urban arease" 2 Februay 2022
- Integrated Child Devlopment Services (ICDS).